| Publication: Ahmedabad Express | Pg No: 5 |
|---|---|
| Edition: Print | Date: August 10, 2023 |

અમદાવાદ એક્સપ્રેસ

THURSDAY • 10-08-2023

# ભારતના અત્યંત પ્રતિષ્ઠિત સોશિયલ એન્ટરપ્રિન્યોર ઓફ ધ યર (SEOY ઇન્ડિયા એવોર્ડ 2023ના આખરી રાઉન્ડમાં ટોચના ચાર સોશિયલ ઇનોવેટરે સ્થાન મેળવ્યુ

નોઈડા | શ્વેબ ફાઉન્ડેશન ફોર સોશિયલ એન્ટરપ્રિન્યોરશિપએ જ્યુબીલન્ટ ભરતિયા ફાઉન્ડેશન સાથેની ભાગીદારીમાં જેની લાંબા સમયથી પ્રતીક્ષા હતી તેવા 'સોશિયલ એન્ટરપ્રિન્યોર ઓફ ધ યર' ઈન્ડિયા એવોર્ડ 2023ની 14મી આવૃત્તિ માટે ફાઈનાલિસ્ટની આજે ઘોષણા કરી હતી. આ પ્રતિષ્ઠિત એવોર્ડ ભારતમાં એવા સોશિયલ ઈનોવેટર્સના શ્રેષ્ઠ યોગદાનને ઓળખી કાઢે છે અને ઉજવણી કરે છે જેમણે તેમની અપવાદરૂપ સોશિયો- બિઝનેસ પહેલ મારફતે અનેક જિંદગીઓ અને સમુદાયોની જિંદગી પ્રસ્થાપિત કરી છે. આ વિસ્તરિત પસંદગી પ્રક્રિયા વિવિધ પરિબળો જેમ કે સંસ્થાના સામાજિક અસમાનતા તરફે, બહિષ્કાર અને સીમાંતવાદ, સોશિયલ મોડેલ અને પહેલની વિશિષ્ટતા તરફે સંસ્થાના વલણ અને ટકાઉ પદ્ધતિસરના ફેરફારોનું સર્જન કરવાની સક્ષમતા પર આધારિત છે. શ્વેબ ફાઉન્ડેશન અને જ્યુબીલન્ટ ભરતિયા ફાઉન્ડેશનએ નીચેના ઊંચી અસર ધરાવતા સોશિયલ ઈનોવેટર્સને ફાઈનાલિસ્ટ તરીકે પસંદ કરતા બેકગ્રાઉન્ડ સંશોધન, વ્યક્તિગત અને ટીમ ઈન્ટરેક્શન્સ, અસર આકારણી, નિષ્ણાતોની સમીક્ષા અને સંદર્ભ તપાસ હાથ ધરવા માટે પણ હાથ મિલાવ્યા હતા: સોશિયલ એન્ટરપ્રિન્યોર ઓફ ધ યર ઈન્ડિયા એવોર્ડના વિજેતાઓની પસંદગી ઉદ્યોગ માંધાતાઓ અને વિવિધ બેકગ્રાઉન્ડ ધરાવતી વિખ્યાત વ્યક્તિઓની પ્રતિષ્ઠિત જ્યુરી દ્વારા કરવામાં આવશે. આ એવોર્ડની ઘોષણા 25 ઓગસ્ટ 2023ના રોજ સામાજિક ઉદ્યોગસાહસિકતાની ઉજવણી કરવા માટે એકત્રિત થયેલ પ્રતિષ્ઠિત વૈશ્વિક અગ્રણીઓ અને વિવિધ ક્ષેત્રોના પ્રતિનિધિઓની હાજરીમાં નવી દિલ્હી ખાતેની એક ભવ્ય પ્રસંગમાં કરવામાં આવશે.